ગુજરાત સમાચાર , પાના નંબર :- ૦૫

તારીખ :- ૦૨/ ૧૦/ ૨૦૨૬

### થલતેજ ગામથી ગોધાવી સહિતના વિસ્તારો જોડાશે

# મેટ્રો રેલ-૩ : પશ્ચિમમાં ૭ રૂટ અને ૪૩ નવા સ્ટેશન બનશે

અમદાવાદ, ગુરુવાર

અમદાવાદ શહેરમાં ફેઝ-૧, ફેઝ-૨ની કામગીરીની વિસ્તૃતિકરણ બાદ મેટ્રો રેલનું નેટવર્ક પશ્ચિમ અમદાવાદના દરેક વિસ્તારમાં પહોંચે તે માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા મેટ્રો રેલની ફેઝ-૩ની કામગીરી માટે ટેન્ડરો જારી કર્યા હતાં. જેમાં થલતેજથી લઈને ગોધાવી, વાડજ સહિતના પશ્ચિમ વિસ્તારોને જોડવા કુલ ૫૮ કિમીમાં વિવિધ ૭ નવા રૂટનો જારી કર્યા હતાં. સાથે આ રૂટમાં ૪૩ જેટલા એલિવેટેડ સ્ટેશન બનાવવાની પણ વાત કરી છે.

## ૫૮ કિલોમીટરના નેટવર્કના ડિઝાઈન અને સર્વે સહિતની કામગીરી માટેના ટેન્ડરો બહાર પડાયા

મધ્ય અને પૂર્વ અમદાવાદ તેમજ ગાંધીનગરને મેટ્રો રેલ હેઠળ જોડ્યાં બાદ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનને પશ્ચિમ અમદાવાદને આ રેલ પ્રોજેક્ટ હેઠળ જોડવાનું નક્કી કર્યું છે. જે અંતર્ગત તાજેતરમાં જીએમઆરએલ દ્વારા મેટ્રો રેલ ફેઝ-૩ના વિવિધ રૂટ ટેન્ડરો જારી કર્યા છે.

જેમાં પશ્ચિમ રેલવેના વિવિધ વિસ્તારોને જોડતા કુલ ૭ કોરિડોર બનાવવાની જાહેરાત કરી છે.

જેમાં થલતેજ ગામથી ગોધાવી, શિલજ સર્કલથી બદ્રાબાદ, એપીએમસીથી ન્યુ ફૈસલનગર, વિશાલનગર વેસ્ટથી બાપુનગર નોર્થ, નારણપુરાથી નહેરુનગર, વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સથી અરિહંતનગર, દુધેશ્વરથી વાડજ સુધીના કોરિડોરનો સમાવેશ કરવામાં આવ્યો છે. સાથોસાથ કુલ ૫૮ કિલોમીટરના તમામ રૂટ પર ૪૩ જેટલા એલિવેટેડ સ્ટેશન બનાવવાનો પણ ઉલ્લેખ કર્યો છે. હાલ મેટ્રો ફેઝ-૩ના વિવિધ ભાગો માટે ડિઝાઈન, સર્વે અને અન્ય પ્રાથમિક કામગીરી માટે જીએમઆરસીએ દરેક રૂટ માટે વિવિધ ટેન્ડરો જારી કર્યા છે.

### મેટ્રો ફેઝ-૩ પ્રોજેક્ટમાં ક્યા વિસ્તારને આવરી લેવાશે?

| રૂટ | લંબાઈ | નવા સ્ટેશન |
|---|---|---|
| થલતેજ ગામ- ગોધાવી | ૧૦.૨૬ કિમી | ૮ |
| શીલજ સર્કલ-બદ્રાબાદ (દસ્ક્રોઈ) | ૧૨.૫૩ કિમી | ૭ |
| એપીએમસી- ન્યુ ફૈસલનગર (દાણીલીમડા) | ૬.૫૬ | ૫ |
| વિશાલનગર વેસ્ટ- બાપુનગર નોર્થ | ૧૧.૦૪ કિમી | ૧૦ |
| નારણપુરા- નહેરુનગર | ૮.૬૮ | ૫ |
| વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ- અરિહંતનગર | ૪.૮૪ કિમી | ૫ |
| દુધેશ્વર- વાડજ | ૪.૬૨ કિમી | ૩ |